Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

આત્માનન્દ પ્રકાશ.

(દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર.)

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. વૈશાખ. આત્મ સં. ૩૩. અંક ૧૦ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વિષયાનુક્રમણિકા.

૧ જીવલડાને—જાગૃતિ ...	... ૨૪૧		૬ શ્રી તીર્થંકર ચરિત્ર ...	... ૨૫૦
૨ પ્રશ્નોત્તર રમશ્યાઓ ...	... ૨૪૨		૭ વિદ્યાર્થી વિભાગ—વાંચન.	... ૨૫૫
૩ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો યુવકો પ્રતિ સંદેશ ...	... ૨૪૩		૮ દૈવી ઇચ્છા..	... ૨૫૮
૪ શ્રી મહાવીરનું સન્યસ્ત જીવન ...	૨૪૪		૯ ખરી ભેટ. ...	... ૨૬૨
૫ શ્રી પાર્શ્વનાથ સ્તુતિ...	... ૨૪૯		૧૦ વર્તમાન સમાચાર....	... ૨૬૨
			૧૧ સ્વીકાર સમાલોચન.	... ૨૬૩

મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઈ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જ્ઞાનસાગર સૂરિકૃત,

શ્રી વિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે, પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર, અને જૈન ધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક, અને તેમાં છુપાયેલ તાત્ત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મ રૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઇ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આવેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, જેમ આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઇપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું. જેઠ શુદ ૧૫ ના રોજ પ્રકટ થશે.

જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજ-સેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી, અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દ્રષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ–સેવા અને શ્રીમાન્ **હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથો-સાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ ઉપર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત બે રૂપીયા. પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. | वीर संवत् २४५५. वैशाख आत्म संवत् ३३. | अंक १० मो.

જીવલડાને—જાગૃતિ.

રાગ—સોરઠ—(વિમળા નવ કરશો ઉચાટ કે...)

જીવલડા ! જાણીલે જીનનું નામ ખરૂં સંસારમાંરે (૨)
લાખ ચોરાશી ફેરા ફરીયો, પુન્યે પ્રભુ શાસન અવતરીયો;
મ્હોટો દરિયો તરવા હિમ્મત હારમાંરે. જીવલડા !
ચાર કષાયની ચોકડી છોડી, જીવન શ્રી જગનાથમાં જોડી;
ભક્તિ હોડીમાં બેસી જવાનું વિસારમાંરે. જીવલડા !
મોંઘેરો નર જન્મ આ પામી, મોજમજામાં મિથ્યા જામી;
રત્નને વામી, ભવની ભ્રમણા વધારમારે. જીવલડા !
ક્ષણ ક્ષણ એક આ જાય અમૂલી, ફોગટ ફન્દમાં ચેતન ફૂલી;
જીવન ડૂલી, જાય પડયો શું વિચારમાંરે. જીવલડા !
દેવ—ગુરૂનો ઉત્તમ મેળો, મેળવી મનસુખ ! જાગજે વ્હેલો;
હીરો આવેલો હાથે કરીને હારમાંરે. જીવલડા !

મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ—વઢવાણકેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશ્નોત્તર સમશ્યાઓ. (ભાગ ૩ જો.)

દોહરા.

વાર કયો છે ચંદ્રનો, કવણુ દીપાવે દેહ;
ઉત્તર સત્વર આપજો, **સોમ-ધર્મ** ગુરૂ તેહ. ૧
નસીબ દેવીનું નામ શું, ગંભીર કોણ ગણાય;
લક્ષ્મી-સાગર લછ પૂરશે, ઉત્તર એમ જણાય. ૨
કયું વચન સાન્ત્વન દીએ, રહે કોણુ યોગી હજુર;
અભય-દેવ સૂરિ નામથી, વાધે સુખ ભરપૂર. ૩
કયો દ્વીપ આ ક્ષેત્રમાં, સેવક પોષક કોણુ;
જંબુ-સ્વામી જગવંદ્યથી, ગણજો સૌને ગૌણ. ૪
શાશ્વત પદ[1] ભાખ્યું કયું, ભરે કોણુ દુ:ખમાં ભાગ;
સિદ્ધ-સેન સમરથ ગુરૂ, મૂકાવ્યા બહુ માગ. ૫
રોહણગિરિ શું નીપજે, કવણુ નામ ગિરિ ટોચ;
રત્ન-શેખર ગુરૂ શીખથી, શમશે સઘળો શોચ. ૬
હરે ધોકો કોણુ હેતથી, શું ઇચ્છે જગ લોક;
જપો નામ **હરિ-ભદ્ર**[2]નું, ઇણુ સમ વીરલા કોક. ૭
કયું તત્વ ઉત્તમ કહ્યું, કવણુ નામ શંખ નાદ;
સકળ ગુણુ સંપન્ન ગુરૂ, **ધર્મ-ઘોષ** અપવાદ. ૮
અપરનામ કયું "સત્વનું, મહાન જીત શું હોય;
હીર-વિજય ગુરૂ હીરલા, પૂર્ણ પ્રભાવિક સોય. ૯
વધે સાયર કોણુ દર્શને, કવણુ શોભાવે ભાળ;
સોમ-તિલક સૂરિ રાયનું, ધ્યાન ધરો ત્રણુ કાળ. ૧૦
દૂધ થકી ઉજવળ કશું, વરે વીર કઇ માળ;
જશ-વિજય ગુરૂ પ્રણુમતાં, જશ વાધે સહુ કાળ. ૧૧
કયું આસન કહ્યું યોગનું, શું ઇચ્છે રણુવીર;
પદ્મ-વિજય ના નામથી, પામો ભવ જળતીર. ૧૨
ચરે ચારો કોણુ મોતીનો, કઇ કાંબળ મૂલ્યવાન;
હંસ-રત્ન સૂરિશ્વરૂ, તસ ગાઇએ ગુણુ ગાન. ૧૩
તિર્થંકર પંચમ કયા, કવણુ લંછન જીન પદ્મ;
સુમતિ-કમળ પંડિત ગુરૂ, દો ઉત્તર તજી શર્મ. ૧૪

શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી, વેજલપુર-**ભરૂચ**.

---

[1] સેન=મિત્ર, [2] ભદ્ર=કલ્યાણ, સુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો યુવકો પ્રતિ સંદેશ.

પ્યારે યુવકો,

યુવક સમાહકી નવીન પ્રવૃત્તિ કરને કે લીયે જો અદમ્ય ઉત્સાહ ઔર સાહસ યુવકોંને દીખાયા હૈ ઉસકે લીયે. મૈં યુવકોંકો ધન્યવાદ દેતા હૂં.

ઐકયતા એક બડી ભારી ચીજ હૈ સાથહી ઐકય સાધનેમેં ભારી કઠનાઇયોંકા સામના કરના પડતા હૈ, લેકીન યુવકોંકો સહનશીલ બનકર ઐકયતા ઔર સંગઠનસે સમાજમેં ઔર ખાસકર સાધુવર્ગ ઔર શ્રાવક વર્ગમેં જો ભિન્નતા યા વિચાર ભેદ જાન પડે ઉસકા સવિનય ઔર શાંતિપૂર્વક સુધાર કરનાહિ પડેગા.

યાદ રહે ભૂતકાળ ચાહે જિતના ઉજ્વલ હો, ધર્મકે સિદ્ધાંત કિતનેહી ઉચ્ચ કયોં ન હો, ગગનચુંબી ભવ્ય મંદિરોં સે ધર્મ ધ્વજા ફહરા રહી હો પર યદિ સમાજ કા દેહ હી ક્ષય રોગસે ગ્રસ્ત હો ઔર વહ દિનપ્રતિદિન ક્ષીણ હોતા જા રહા હો તો ઉસકા ઇલાજ કિયે વિના સમાજ જીવિત નહીં રહ સકતા, જીનેકા હકદાર ભી નહિં.

આપકા ઉત્તરદાયિત્વ સબસે અધિક હૈ, કર્તવ્યપથ પર આઓ, સમાજકી સેવામેં જુટ જાનેકી શક્તિ પ્રાપ્તિ કરો, રચનાત્મક કામ હાથમેં લો સમાજમે સંગઠન કરો, છોટે મોટે મતભેદકો પીછે વૃથા શકિતકા વ્યય ન કરો, ઈર્ષ્યા ઔર દ્વેષકી પરવા ન કરો.

સબ મિલકર સમાજ સેવામેં જુટ જાઓ ઔર જગહ જગહ ગામ ગામ વ શહર શહર કે યુવકોંકો ઇસ કાર્યમેં પ્રવૃત્તિ કરો.

બાલકોં સ્ત્રીઓં ઔર પુરૂષોમેં સચ્ચી શિક્ષા બઢાને કે પ્રયત્નોંકો ખોજો, કુરીતિઓંકો જડસે ફેંકને કે લીયે કમર કસ લો; ઔર નિર્ભય હોકર ઇસ સમાજકી પ્રાણઘાતક પ્રથાઓંકો નષ્ટ કર દો. તભી તભી તુમ અપને સમાજકો જીવિત રખ શકોગે.

યુવકોં પર આક્ષેપ હૈ કિ વે બોલતે બહુત હૈ કરતે કુછ નહિ. ઈસ વાકયકો, ઇસિ કલંકકો, આપ યુવકો કર્તવ્યપરાયણ બનકર ધો ડાલો. તન, મન, ધનસે સમાજ ઉત્થાનમેં અપના જીવન સમર્પણ કરકે બતાદો કી યુવક હી નવયુગકા નેતા, સુધારક, ઔર સચ્ચા સેવક હૈ, ॐ શાંતિ:

વલ્લભવિજયકા ધર્મલાભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુમુક્ષુ જનોએ આત્મકલ્યાણાર્થે અનુકરણ કરવા યોગ્ય

શ્રમણ ભગવાન શ્રી મહાવીરનું સન્યસ્ત જીવન.

[આચારાંગ સૂત્રના બ્રહ્મચર્ય શ્રુત સ્કંધમાંથી]

જન્મ દિવસ ચૈત્ર શુદિ ૧૩ દિક્ષા દિવસ માગશર વદિ (ગુજરાતી) કાર્તિક વદિ ૧૦

મહાવીર પ્રભુનો વિહાર (૧)

સુધર્માસ્વામી (વીર–પટોધર) પોતાના શિષ્ય **જંબૂને** કહે છે.

૧ (હે જંબૂ !) મેં જેમ સાંભળ્યું છે તેમ કહું છું કે શ્રમણ ભગવાને દીક્ષા લઈને હેમન્ત ઋતુમાં તરતજ વિહાર કર્યો હતો. ઇન્દ્રે એક દેવ દુષ્ય વસ્ત્ર પ્રભુના ખભે મૂકયું હતું. પરન્તુ ભગવાને નથી વિચાર્યું કે એ વસ્ત્રને હું શીયાળામાં વાપરીશ. ભગવાન તો જીવિત પર્યન્ત પરીષહોને સહન કરનાર હતા, માત્ર બધા તીર્થંકરોના કલ્પ (આચાર) ને અનુસરી પ્રભુએ ઇન્દ્ર સમર્પિત વસ્ત્રને ધારણ કર્યું હતું.

૩ દીક્ષા લેતી વખતે ભગવાનના શરીરે લાગેલા સુગંધી ચૂર્ણાદિક યોગે ચાર મહિના સુધી ઘણા ભ્રમરાદિક જંતુઓ પ્રભુને વળગતા અને માંસ તથા લોહી ચૂસતા હતા.

૪ ભગવાને લગભગ ૧૩ માસ સુધી ઇન્દ્રદત્ત વસ્ત્રને ધારણ કર્યું હતું, પછી તે વસ્ત્ર છાંડીને વસ્ત્ર રહિત થયા હતા.

૫ ભગવાન સાવધાન થઇ, પુરૂષ પ્રમાણ માર્ગને ઇર્યાસમિતિથી બરાબર જોઇ તપાસીને ચાલતા હતા.

૬ ભગવાન જયાં રહેતા ત્યાં બ્રહ્મચર્યમાં સુદ્રઢ રહેતા અને સદા વૈરાગ્ય ભાવિત છતાં ધર્મધ્યાન ધ્યાતા હતા.

૭ ભગવાન ગૃહસ્થો સાથે હળવું મળવું છંડીને ધ્યાન નિમગ્ન રહેતાં સરલ સ્વભાવી પ્રભુ એ રીતે વર્તતા હતા.

૮ ભગવાનને કોઇ વખાણુતા તો તેમની સાથે પણ કશું બોલતા નહીં અને કોઇ પુન્ય હીન અનાર્યો અન્યથા વર્તતા તો તેમના પ્રત્યે કોપ કરતા નહીં સદાય સ્વભાવમાંજ ઝીલતા. પ્રભુની સહનશીલતા ખરેખર અદ્ભુત હતી.

૯ ભગવાન ગમે એવા કઠોર પરીષહોને ધીરજથી સહતા તેમજ અનુકૂળ ઉપસર્ગ–પરીષહ પ્રસંગે પણ સાવધાન રહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦ જ્ઞાતપુત્ર ભગવાન સંયમ માર્ગને બહુ દૃઢપણે સેવતા.

૧૧ ભગવાને દીક્ષા લીધા અગાઉ લગભગ બે વર્ષથી થંડુ (સચિત) જળ-પાન તજ્યું હતું; બે વર્ષ લગી અચિત જળપાન કરતા. ભગવાન એકત્વ ભાવના ભાવતા, કષાય રૂપ અગ્નિને ઉપશમાવી શાન્ત બન્યા થકા તથા સમ્યકત્વ ભાવથી ભાવિત રહેતા થકા દીક્ષિત થયા.

૧૨ ભગવાન સજીવ ત્રસ સ્થાવરનો આરંભ તજી વિચરતા હતા.

૧૩ કર્મવશ રાગદ્વેષ સહિત સહુ જીવો જૂદી જૂદી સર્વ યોનિઓમાં ઉપ-જતા રહે છે એમ ભગવાન વિચારતા.

૧૪ મોહવશ અજ્ઞાની જીવ કર્મથી બંધાય છે એમ જાણી ભગવાન સંયમ માર્ગમાં બહુ સાવધાન થઇ રહેતા હતા.

૧૫ જ્ઞાનવંત ભગવાને અત્યુત્તમ સંયમ માર્ગ પ્રકાશ્યો છે.

૧૬ ભગવાને પવિત્ર અહિંસાને અનુસરી, પોતાને તેમજ પરને પાપમાં પડતા અટકાવ્યા. પ્રભુ ખરેખર પરમાર્થ દર્શી હતા.

૧૭ ભગવાન દૂષિત આહાર તજી, શુદ્ધ આહાર કરતા હતા.

૧૮ તેવો શુદ્ધ–નિર્દોષ આહાર અદીનપણે પોતે યાચી લેતા હતા.

૧૯ પ્રભુ નિયમિત ખાનપાન વાપરતા, રસમાં આસકત ન થતા. રસ માટે ઇચ્છા–સંકલ્પ પણ નહીં કરતા અને દેહની દરકાર–મમતા નહીં કરતા, ખરજ મટાડવા સારૂ શરીરને ખણતા પણ નહીં.

૨૦ માર્ગમાં ચાલતાં આડું અવળું જોતા નહીં; વાતો કરતા નહીં, પણ માર્ગ જોતા થકા જયણા સહિત પ્રભુ ચાલ્યા જતા હતા.

૨૧ બીજે વર્ષે પ્રભુ, ઇન્દ્રદત્ત વસ્ત્ર છંડીને છુટ બાહુથી વિચર્યા હતા.

વિહાર દરમીયાન નિસ્પૃહી મહાવીર પ્રભુનાં નિવાસ સ્થાન (૨)

૧ કોઇ વખતે ભગવાન, નિર્જન ઝુંપડા–ઝુંપડીઓમાં, પાણી પીવા માટે કરેલી પરબોમાં, કે હાટોમાં રહેતા, તો કોઈ વખતે લુહાર વિગેરેની કોઢોમાં અથવા ઘાસની ગંજીઓની નીચે, ધ્યાન સમાધિસ્થ રહેતા.

૨ કોઇ વખતે પરામાં બાગમાંના ઘરોમાં કે શહેરમાં રહેતા; તો કોઇ વખતે મશાણ સુનાં ઘર કે ઝાડની નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા.

૩ એ રીતે એવા સ્થળોમાં રહેતાં થકાં તે શ્રમણ ભગવાન પ્રમાદ રહિત સમાધિમાં લીન થઇ બરોબર તેરમા વર્ષ પર્યન્ત પવિત્ર ધ્યાન ધ્યાતા રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ દીક્ષા લીધા પછી ભગવાન કયાંય પણ વધુ નિદ્રા નહીં લેતા. હમેશાં પોતાને જગાવતા રહેતા. ક્યાંક લગારેક સૂતા તો પણ ત્યાં નિદ્રાની ઇચ્છા કરતા નહીં.

૫ તેઓ નિદ્રાને કર્મ બાંધનારી જાણી જાગૃત રહેતા. કદાચ નિદ્રા આવવા માંડતી તો તેને ઉપાયથી દૂર કરતા.

૬ ઉપરોકત સ્થળોમાં રહેતા ભગવાનને ભયંકર અનેક પ્રકારના ઉપસર્ગો થયા હતા.

૭ જાર પુરૂષો શૂન્ય ઘરમાં કુકર્મ કરવા જતા ભગવાનને ત્યાં ધ્યાનસ્થ દેખી ઉપસર્ગ કરતા વળી વિષય વાંછનાથી પણ લોકો પ્રભુને સતાવતા.

૮ એ રીતે ભગવાને મનુષ્યો તથા તિર્યંચો તરફથી અનેક પ્રકારના અનુકૂળને પ્રતિકૂળ ભયંકર ઉપસર્ગો હમેશાં સાવધાનપણે વર્તતા થકા સહન કર્યા.

૯ વળી ભગવાન હર્ષ–શોક ટાળીને મૌનપણે વિચરતા રહેતા.

૧૦ નિર્જન સ્થળમાં ભગવાનને ઉભેલા જોઇ લોકો પૂછતા અથવા રાત્રિ વખતે જાર પુરૂષો પ્રભુને પૂછતા કે અરે તું કોણ ઉભો છે ? ત્યારે ભગવાન કશું બોલતા નહીં. તેથી તેઓ ગુસ્સે થઇ ભગવાનને મારવાનું પણ કરતા, પરંતુ ભગવાન તો નિસ્પૃહ થકા સમાધિમાં તલ્લીન રહેતા.

૧૧ અરે અહીં તું કોણ ઉભો છે ? એમ લોકોએ પૂછતાં કોઈ વખતે ભગવાન બોલતા કે ' હું ભિક્ષુક ઉભો છું ' તે સાંભળી જો તેઓ બોલતા કે ' અહીંથી જલ્દી જતો રહે ' તો ભગવાન અન્યત્ર જતા, કારણ કે એ ઉત્તમ આચાર છે અને જો તેઓ જવાનું કશું નહીં કહેતાં કષાયવંત બનતા તો ભગવાન મૌન રહી ત્યાંજ ધ્યાન કરતાં.

૧૨ જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન જોસથી ફુંકાતો હતો, જ્યારે લોકો થરથર ધ્રૂજતા હતા, જ્યારે અપર સાધુઓ તેવી ઠંડીમાં વગર પવનની જગા શોધતા હતા તથા વસ્ત્રો પહેરવા ચાહતા હતા, જ્યારે તાપસો લાકડાં બાળી શીતનું નિવારણ કરતા હતા, એમ જ્યારે શીત સહવી ભારે કઠીન હતી ત્યારે સંયમી ભગવાન નિરીહપણે ખુલ્લા સ્થાનમાં શીત સહન કરતા થકા સમભાવે રહેતા તેમ બીજા મુમુક્ષુ જનોએ વર્તવા ખપ કરવો.

નિરાગી પ્રભુએ કેવા કેવા પરીષહો સહ્યા. (૩)

૧ ભગવાન સદા સંયમમાં સાવધાન બની, કર્કશ, સ્પર્શ, તાઢ, તાપ તથા ડાંસ અને મચ્છરના ડંખ વિગેરે ભયંકર પરીષહો સહન કરતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ ભગવાન દુર્ગમ્ય એવા લાટ દેશના વજભૂમિ તથા શુભ્રભૂમિ નામના બન્ને ભાગોમાં જઇ વિચર્યા હતા, ત્યાં તેમને રહેવાને ઘણી હલકી જગો મળતી તેમજ પીઠ ફલકાદિક આસન પણ ઘણા હલકા મળતા.

૩ લાટ દેશમાં તે ભગવાનને ઘણા ભારે ઉપસર્ગો થયા, ત્યાંના અજ્ઞાન લોકો પ્રભુને સંતાપતા. ભોજન પણ લૂખું મળતું તથા કુતરાઓ આવી પ્રભુ ઉપર પડતા ને કરડતા.

૪ એવે વખતે બહુ થોડા જ લોકો તે કૂતરાઓને કરડતાં નિવારતા. ઘણા લોકો તો ઉલટા ભગવાનને મારતા થકા કૂતરાઓને છુછુ કરી તેમના તરફ કરડવા મોકલાવતા.

૫ આવા લોકોમાં ભગવાન ઘણો વખત વિચર્યા. ત્યાંની વજાભૂમિના ઘણાખરા લોકો લૂખું ખાતા તેથી તેઓ વધારે ક્રોધીલા હોવાથી સાધુને દેખી કૂતરાઓ વડે તેમને એટલો બધો ઉપદ્રવ કરતા કે ત્યાં (બૌધધર્મી) ભિક્ષુકો ત્યાંના ભોમિયા છતાં એક મોટી લાઠી વિ. હાથમાં પકડીને ફરતા. તેમ છતાં પણ કૂતરા તેમની પુંઠ પકડતા તથા તેમને કરડી ખાતા. એ રીતે લાટ દેશ વિહાર કરવાને ઘણો વિકટ છતાં વીરપ્રભુએ શરીરની મમતા તજી, કર્મ નિર્જરાઅર્થે નીચજનોનાં કડવાં વચનો સહન કર્યાં હતાં.

૬ એ રીતે જેમ બળવાન હાથી સંગ્રામના મોખરે પહોંચી જય મેળવી પરાક્રમ બતાવે તેમ વીર પ્રભુ તે વિકટ ઉપસર્ગોના પારગામી થયા.

૭ કોઇ સ્થળે પ્રભુ ગામના પાદરે જતા કે ત્યાંના અનાર્ય લોકો સામા આવી તેમને મારતા અને બોલતા કે ' અહીંથી દૂર જતો રહે. '

૮ ઘણી વખતે લાટ દેશમાં લોકો લાકડીથી, મૂઠથી, ભાલાની અણીથી, પત્થરથી કે હાડકાના ખપ્પરથી પ્રભુને મારી મારીને પોકારો પાડતા હતા.

૯ કોઈ વખતે ભગવાનને પકડી અનેક ઉપસર્ગો કરી માંસ કાપી લેતા, અથવા તેમની ઉપર ધૂળ વરસાવતા, અથવા તેમને ઉંચા કરીને નીચે પાડતા અથવા આસનથી નીચે પાડતા. પરન્તુ નિસ્પૃહી ભગવાન દેહ મમતા તજી તે સઘળું સહન કરતા હતા.

૧૦ જેમ શૌર્યવંત પુરૂષ સંગ્રામના મોખરે રહ્યો થકો કોઈથી પાછો હઠે નહીં તેમ પ્રબળ સત્વવંત પ્રભુ એ ઉપસર્ગોથી પાછા નહીં હઠતા તે સઘળા ઉપસર્ગોને સહન કરતા થકા વિચરતા હતા.

આવી રીતે નિસ્પૃહી પ્રભુએ સંયમનું પાલન કર્યું છે તેવી રીતે અન્ય મુમુક્ષુઓએ પણ વર્તવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરપ્રભુની તપશ્ચર્યા. (૪)

૧ શરીરે નિરોગી છતાં ભગવાન મિતાહારી રહેતા હતા અને કદાચ કોઈ આગંતુક રોગ ઉપજતા તો પ્રભુ તેનો પ્રતિકાર (ઇલાજ) કરવા નહીં ચાહતા.

૨ વળી શરીરને અશુચિમય જાણીને તેઓ જુલાબ, વમન, તૈલ મર્દન, સ્નાન, ચંપી ને દાતણ પણ નહીં કરતા.

૩ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ ભગવાન અલ્પભાષી થયા થકા (મૌન પણે) વિચરતા હતા.

૪ ભગવાન શીયાળામાં છાંયડામાં બેસીને ધ્યાન કરતા અને ઉનાળામાં ઉત્કુટક આસને તડકામાં બેસી તાપ સહન કરતા.

૫ શરીર નિર્વાહાર્થે ભગવાન લુખા ભાત, મંથુ અને અડદનો આહાર કરતા; આઠ મહિના સુધી એ ત્રણ ચીજો વાપરી ભગવાને ચલાવ્યું હતું.

૬ વળી પંદર પંદર દિવસ સુધી, મહિના મહિના સુધી, બે બે મહિના, ને છ છ મહિના સુધી દિનરાત અન્નપાણી વગર ઉપોષિતપણે, નિરીહ થઈ, ભગવાન વિચરતા હતા.

૭ અને અન્ન પણ ઠરી ગયેલ ત્રીજે ત્રીજે, ચોથે ચોથે, કે પાંચમે પાંચમે દિવસે વાપરતા.

૮ તત્ત્વજ્ઞ ભગવાન પોતે પાપ નહીં કરતા બીજા પાસે પાપ નહીં કરાવતા અને પાપ કરનારને રૂડું નહીં માનતા.

૯ ભગવાન શહેર કે ગામમાં જઈ બીજાને માટે કરેલો નિર્દોષ આહાર યાચી લઇને, સમભાવે તે આહાર વાપરતા.

૧૦ ભિક્ષા લેવા જતાં, ભગવાનને રસ્તામાં ભૂખ્યા કાગડા વિગેરે પંખીઓ જમીન ઉપર રહીને પોતાનો આહાર લેતા જો નજરે પડતા તો ભગવાન તેમને કશી પણ અડચણ નહીં પાડતા થકા યતનાથી ચાલ્યા જતા હતા.

૧૧ તથા ત્યાં કોઇ બ્રાહ્મણ, શ્રમણ, ભિખારી, વિદેશી ચાંડાલ, માર્જાર કે કૂતરાને કંઇ મળતું દેખી, તેમને વિઘ્ન નહીં પાડતા થકા તથા મનમાં કશી અપ્રીતિ નહીં ધરતા થકા ધીમે ધીમે ચાલ્યા જતા હતા.

૧૨ વળી આહાર પણ સ્નિગ્ધ કે શુષ્ક કે ઠરી ગયેલો રાંધેલા અડદનો કે જૂના ધાન્યનો કે જવ વિગેરે નીરસ ધાન્યનો જેવો મળી આવતો તેવો શાન્તભાવે વાપરતા. અગર નહીં મળતો તો પણ શાન્તભાવે રહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩ વળી તે ભગવાન ઉત્કુટક, ગોદોહિકા, વીરાસન વિગેરે આસનોથી, નિર્વિકારપણે ધર્મધ્યાન કરતા રહેતા. ને નિરીહ બની અંતઃકરણની પવિત્રતા જાળવતા થકા ઉર્ધ્વ, અધો અને તિર્યગલોકના સ્વરૂપનો તે ધ્યાનમાં વિચાર કરતા.

૧૪ એ રીતે કષાય રહિત થઈ, આસક્તિ તજી, શબ્દાદિક વિષયોમાં નહીં લોભાતા થકા ભગવાન સદા ધ્યાનનિમગ્ન રહેતા અને એ રીતે છદ્મસ્થ અવસ્થામાં પણ ભગવાન પ્રબળ પરાક્રમ દાખવી કોઇ વખતે પણ પ્રમાદી નહીં બનતા.

૧૫ પોતાની મેળે જ સંસારની અસારતા જાણીને આત્માની પવિત્રતાથી મન વચન અને કાયાને પોતાના કબજે રાખી, શાન્ત અને સરલ સ્વભાવી ભગવાન પવિત્ર પ્રવૃત્તિવંત રહ્યા. એવી મર્યાદા મતિમાન નિરીહ ભગવાનને વારંવાર પાળેલી છે. એ રીતે બીજા મુમુક્ષુઓએ પણ વર્તવું એમ હું કહું છું.

તા. ક. આ અધ્યયનમાં વર્ણવેલી વીરપ્રભુના અદ્ભુત વૈરાગ્ય, અદ્ભુત સહનશીલતા અને અદ્ભુત ધૈર્ય વાંચવાથી સુજ્ઞ વાંચનારના હૃદયમાં પ્રભુ ઉપર અદ્ભુત ભક્તિભાવ પેદા થશે. ઇતિશમ્. લે૦ સદ્ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી મહારાજ.

શ્રી પાર્શ્વનાથ સ્તુતિ.

(મોકલનાર—મણીલાલ ખુશાલચંદ પરીખ પાલણપુર)

ત્રિભુવન વંદન જગદાનંદન, ચિદઘન સરૂપી તું દાતાર;
શુદ્ધ બુદ્ધ તું કર્મ નિકંદન, ધર્મ ધુરંધર તું કિરતાર.

સત્યવચન મુખમાંથી ઊચરવું, ધ્યાન પ્રભુનું નિરંતર ધરવું;
ધર્મ કર્મમાં અહોનિશ રમવું, પાપ કરતાં દિલથી તો ડરવું;
સૃષ્ટિ સકળના નરવર નાયક, પારસમણી તું છે જીનરાજ—ત્રિ૦-૧

વિકટ વાટ ભવરણમાં વિચરવું, દુઃખ દાવાનળથી નહી ડરવું;
સંકટ સમયે ધીરારે બનવું, શરણુ એક શ્રી જીનનું કરવું.
દુઃખનિવારક જગજન સજ્જન, નટવર નંદન શ્યામકુમાર—ત્રિ૦-૨

તારક નર નાયક તું સ્વામી, સત્ય સહાયક આતમરામી;
આશરો એક અંતરજામી, રિપુજનો રહેશે જખમારી;
અખિલ જગતના દુઃખીયા સમયમાં, સહાય થજો શ્રીપાર્શ્વકુમાર-ત્રિ૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ તીર્થંકર ચરિત્ર.

સમવાયાંગસૂત્ર પ્રમાણે ચરિત્રના સાધનો. (ગતાંક પૃષ્ટ ૨૨૧ થી શરૂ)

અંક.	તીર્થંકર નામ.	પિતા.	માતા.	પૂર્વભવ નામો.	પૂર્વભવ જ્ઞાન.	પૂર્વભવ રાજપદ.	શરીરની ઉંચાઇ ધનુષ્ય.	ગૃહસ્થાયુ.
૧	ઋષભદેવ	નાભિ	મરૂદેવી	વજ્રનાભ	ચૌદ પૂર્વધારી	ચક્રવર્તી	૫૦૦	૮૩ લાખ પૂર્વ
૨	અજીતનાથ	જિતશત્રુ	વિજયા	વિમલ	એકાદશાંગી પાઠક	માંડળીક	૪૫૦	૭૧ લાખ પૂર્વ
૩	સંભવનાથ	જીતારી	સેના	વિમલવાહન	,,	,,	૪૦૦	૫૯ લાખ પૂર્વ
૪	અભિનંદનસ્વામી	સંવર	સિદ્ધાર્થા	ધર્મસિંહ	,,	,,		
૫	સુમતિનાથ	મેઘ	સુમંગલા	સુમિત્ર	,,	,,	૩૦૦	
૬	પદ્મપ્રભુ	ધર	સુસીમા	ધર્મમિત્ર	,,	,,	૨૫૦	
૭	સુપાર્શ્વનાથ	પ્રતિષ્ઠ	પૃથ્વી	સુંદરબાહુ	,,	,,	૨૦૦	
૮	ચંદ્રપ્રભુ	મહસેન ક્ષત્રિય	લક્ષ્મણા	દીર્ઘબાહુ	,,	,,	૧૫૦	
૯	સુવિધિનાથ	સુગ્રીવ	રામા	યુગબાહુ	,,	,,	૧૦૦	
૧૦	શીતલનાથ	દ્રઢરથ	નંદા	લષ્ટબાહુ (લબ્ધબાહુ)	,,	,,	૯૦	૭૫ લાખ વર્ષ
૧૧	શ્રેયાંસનાથ	વિષ્ણુ	વિષ્ણુ	દિન્ન	,,	,,	૮૦	
૧૨	વાસુપૂજ્ય	વસુપૂજ્ય	જયા	ઇંદ્રદત્ત	,,	,,	૭૦	
૧૩	વિમલનાથ	કૃતવર્મા	સ્યામા	સુંદર	,,	,,	૬૦	
૧૪	અનંતનાથ	સિંહસેન	સુયશા	માહેંદ્ર	,,	,,	૫૦	
૧૫	ધર્મનાથ	ભાનુ	સુવ્રતા	સિંહરથ	,,	,,	૪૫	

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬	શાંતિનાથ	વિશ્વસેન	અચિરા	મેઘરથ	,,	,,	૪૦	૭૫ હજાર વર્ષ
૧૭	કુંથુનાથ	સુર	શ્રીકા (શ્રી)	રૂપી	,,	,,	૩૫	
૧૮	અરનાથ	સુદર્શન	દેવી	સુદર્શન	,,	,,	૩૦	
૧૯	મલ્લિનાથ	કુંભ	પ્રભાવતી	નંદન	,,	,,	૨૫	
૨૦	મુનિસુવ્રતસ્વામી	સુમિત્ર	પદ્મા	સિંહગિરી	,,	,,	૨૦	
૨૧	નમિનાથ	વિજય	વપ્રા	અદિનશત્રુ	,,	,,	૧૫	
૨૨	નેમિનાથ	સમુદ્રવિજય	શિવા	શંખ	,,	,,	૧૦	૩૦૦ કુમાર
૨૩	પાર્શ્વનાથ	અશ્વસેન	વામા	સુદર્શન	,,	,,	૨૧	૩૦ વર્ષ
૨૪	મહાવીર સ્વામી	સિદ્ધાર્થ ક્ષત્રિય	ત્રિશલાદેવી	નંદન	,,	,,	૯ હાથ	,, ,,

ક્રમ	રાજા કે કુમાર	શિબિકા	દીક્ષા માટે સહચારી	દીક્ષા તપ	પ્રથમ ભીક્ષા દાતા	ભીક્ષા દ્રવ્ય	ચૈત્ય	ગણધર	સંખ્યા	મુખ્ય શિષ્યા	સાધુ સંખ્યા
૧	રાજા	સુદર્શના	૪૦૦૦	છઠ્ઠ ભક્ત	શ્રેયાંસ	ઇક્ષુરસ	વડ	રુષભસેન(પુંડરીક)		બ્રાહ્મી	૮૪૦૦૦
૨	,,	સુપ્રભા	૧૦૦૦	,,	બ્રહ્મદત્ત	પરમાન્ન(ક્ષીર)	સપ્તપર્ણ	સિંહસેન	૯૦(૯૫)	ફલ્ગુ	
૩	,,	સિદ્ધાર્થા	,,	,,	સુરેન્દ્રદત્ત	,,	શાલ	ચારૂ		શામા	
૪	,,	સુપ્રસિદ્ધા	,,	,,	ઇંદ્રદત્ત	,,	પ્રિયાલ	વજ્રનાભ		અજીત	
૫	,,	વિજયા	,,	વગર ઉપવાસ	પદ્મ	,,	પ્રિયંગુ	ચમર		કાશ્યપી	
૬	,,	વૈજયંતી	,,	છઠ્ઠ ભક્ત	સોમદેવ	,,	છત્ર	સુવ્રત પ્રદ્યોતન)		રતિ	
૭	,,	જયંતી	,,	,,	માહેન્દ્ર	,,	શિરિષ	વિદર્ભ	૯૫	સોમા	

For Private And Personal Use Only

૮	,,	અપરાજીતા	,,	,,	સોમદત્ત	,,	નાગ	દત્ત	૯૩	સુમના	
૯	,,	અરૂણુપ્રભા	,,	,,	પુષ્ય	,,	માલી(શાલી)	વરાહ	૮૬	વારૂણી	
૧૦	,,	ચંદ્રપ્રભા	,,	,,	પુનર્વસુ	,,	પ્રિયંગુ	આનંદ(પદ્મનંદી)	૮૩(૮૧)	સુલસા	
૧૧	,,	સુરપ્રભા	,,		પૂર્ણચંદ્ર	,,	તિદુક(ટીંબરૂ)	ગોસ્તુભ (કૃતાર્થ)	૬૬(૭૬)	ધારણી	
૧૨	કુમાર	અગ્નિપ્રભા	૬૦૦	ચોથભક્તઉપવાસ	સુનંદ	,,	પાડલ	સુધર્મા (સુભૂમ)	૬૨	ધરણી	
૧૩	,,	વિમલા	૧૦૦૦	છઠ્ઠભક્ત	જય	,,	જાંબુડો	મંદર	૫૬	ધરણીધરા	૬૮૦૦૦
૧૪	,,	પંચવર્ણા	,,	,,	વિજય	,,	પીપળો	યશ	૫૪	પદ્મા-શિવા	
૧૫	,,	સાગરદત્તા	,,	,,	ધર્મસિંહ	,,	દધિપર્ણ	અરિષ્ટ	૪૮	શુચિ	
૧૬	ચક્રવર્તી	નાગદત્તા	,,	,,	સુમિત્ર	,,	નંદી	ચક્રાયુધ	૯૦(૩૬)	અંજૂઆ	
૧૭	ચક્રવર્તી	અભયંકરા	,,	,,	વર્ગસીંહ	,,	તિલક	શાંબ	૩૭(૩૩)	રક્ષિકા	
૧૮	,,	નિવૃત્તિકરા	,	,,	અપરાજીત	,,	આંબો	કુંભ		બંધુમતિ	
૧૯	બ્રહ્મચારી કુમાર	મનોરમા	૩૦૦	અઠ્ઠમ ભક્ત	વિશ્વસેન	,,	અશોક	અભિનય		પુષ્પમતિ	
૨૦	રાજા	મનોહરા	૧૦૦૦	છઠ્ઠ ભક્ત	ઋષભસેન	,,	ચંપક	ઈંદ્રકુંભ (મલ્લી)		અમિલા	
૨૧	રાજા	દેવકુરા	,,	,,	દિન્ન	,,	બકુલ	શુભ		અધિકા	
૨૨	બ્રહ્મચારી કુમાર	ઉત્તરકુરા	,,	અઠ્ઠમ ભક્ત	વરદત્ત	,,	વેતસ	વરદત્ત		યક્ષદિન્ના	૧૮૦૦૦
૨૩	કુમાર	વિશાલા	૩૦૦	છઠ્ઠ ભક્ત	ધન	,,	ધાતકી	દિન્ન	૮(૧૦)	પુષ્પચુલા	૧૬૦૦૦
૨૪	,,	ચંદ્રપ્રભા	એકાકી	,,	બહુલ	,,	શાલ	ઇન્દ્રભૂતિ	૧૧	ચંદનબાલા	૧૪૦૦૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંક.	સાધ્વી સંખ્યા.	દીક્ષા નિષ્ક્રમણની નગરી.	લીંગ.	કેવળજ્ઞાનોત્પત્તિનો સમય.	જ્ઞાનવાળા શિષ્યો.	વિશેષ.	સર્વ આયુષ્ય ૮૪ લાખ પૂર્વ.
				સૂર્યોદય કાળે			
૧		વિનીતા	સ્વલીંગી	,,	અવધિજ્ઞાની ૯૪૦૦	૬૩ લાખ પૂર્વ રાજ્ય	
૨		સ્વજન્મભૂમિથી	,,	,,	વાદી ૮૬૦૦		
૩		,,	,,	,,			
૪		,,	,,	,,			
૫		,,	,,	,,			
૬		,,	,,	,,			
૭		,,	,,	,,			
૮		,,	,,	,,			
૯		,,	,,	,,			
૧૦		,,	,,	,,	કેવળજ્ઞાની ૭૫૦૦		
૧૧		,,	,,	,,			૮૪ લાખ વર્ષ
૧૨		,,	,,	,,		૬૦૦ પુરૂષો સાથે વ્રત ગ્રહણ.	
૧૩		,,	,,	,,		૪૪ પુરૂષયુગો સુધી મોક્ષપ્રવાહ શરૂ.	
૧૪		,,	,,	,,			
૧૫		,,	,,	,,			
૧૬	૮૯૦૦૦	,,	,,	,,	ચૌદપૂર્વી ૯૩૦૦		

For Private And Personal Use Only

૧૭		,,	,,	,,	મનઃપર્યવી ૮૧૭૦ અવધીજ્ઞાની ૯૧૦૦		૯૫ હજાર વર્ષ
૧૮		,,	,,	,,			
૧૯		,,	,,	,,	મનઃપર્યવી ૫૭૦૦ અવધીજ્ઞાની ૫૯૦૦		૫૫ હજાર વર્ષ
૨૦	૫૦૦૦૦	,,	,,	,,			
૨૧	૪૧૦૦૦	,,	,,	,,	અવધીજ્ઞાની ૩૯૦૦		
૨૨	૪૦૦૦૦	દ્વારિકા	,,	,,	વાદી ૮૦૦	૫૪ દિન છદ્મસ્થકાળ, ૫૪ દિન ઊણુ ૭૦૦ વર્ષ કેવળી.	૧૦૦૦ વર્ષ
૨૩	૩૮૦૦૦	સ્વજન્મભૂમિથી	,,	,,	વાદી૬૦૦ ચૌદપૂર્વી૩૫૦ કેવળજ્ઞાની ૧૦૦૦	૭૦ વર્ષ દિક્ષાકાળ, ૧૧૦૦ વૈક્રીયલબ્ધીધરસાધુ, ૩૨૭૦૦૦ શ્રાવિકા.	૧૦૦ વર્ષ
૨૪	૩૬૦૦૦	,,	,,	ચોથે પહોરે	કે.જ્ઞા. ૭૦૦ વાદી૪૦૦ ચૌદ પૂર્વી ૩૦૦	એકદિને એકજ આસને ૫૪ પ્રશ્નોત્તર પુણ્યવિપાક અ૦ ૫૫, પાપફળ વિપાક અ૦ ૫૫, વૈક્રિયધારી સાધુ ૭૦૦, અનુત્તરોપપાતિક સાધુ એક વર્ષના દિક્ષાપર્યાયવાળા ૫૩, (મોટા દિક્ષાપર્યાયવાળા–૩૩.) કુલ–૮૦૦	૭૨ વર્ષ

(ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યાર્થી વિભાગ વાચન.

શિક્ષણના વહેમો (સંગ્રહીત.)

પાઠવનાર—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી–(સિદ્ધક્ષેત્ર .

૧ આપણો સામાન્ય ખ્યાલ એવો છે કે આજે જે વિદ્યાર્થીઓનો સમુદાય શિક્ષણ–કેળવણી લઇ રહ્યો છે તે કેવળ માત પિતાદિકના દબાણને લીધેજ અથવા શિક્ષકની ધાકના પરિણામેજ છે એ આપણી માન્યતા ભૂલ ભરેલી છે.

૨ આ વાત સાચી છે કે આજે આપણે વિદ્યાર્થીઓને જે શિખવી રહ્યા છીએ તે બધું મોટે ભાગ વિદ્યાર્થી દબાણ તથા ભય કે લાલચને વશ થઇનેજ શિખે છે. આનું કારણ એ નથી કે વિદ્યાર્થી શિખવાને નથીજ ઇચ્છતો અથવા તો અભ્યાસ તરફ તેને અરૂચિજ છે, પરન્તુ ખરી વાત એ છે કે આપણી શિક્ષણ પદ્ધત્તિ એટલી બધી નિરસ, અશાસ્ત્રીય અને અર્થહીન થઇ પડી છે કે વિદ્યાર્થી તેની સામે કંટાળો બતાવી રહેલ છે. આનો આપણે ઉલટો અર્થ લઇ બેસીએ એજ ભ્રમ છે.

૩ વિદ્યાર્થી ભણવા ચાહે છે પણ આપણે તેની ખરી જીજ્ઞાસા સમજી શકતા નથી, આપણે તેની જિજ્ઞાસાને સંતોષી શકતા નથી, આપણે તેને દોરી શકતા નથી. આપણે આપણી શિક્ષણ–પદ્ધતિમાં ઘણોજ ફેરફાર કરી નાંખીએ, આપણે તેની જિજ્ઞાસા શેમાં છે ? તે શોધી કાઢીએ–જિજ્ઞાસાનું પુરૂં પ્રતિબિંબ પડે તેવા સાધનો યોજીએ અને તેની જિજ્ઞાસાને તૃપ્તિ મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરીએ, તેને જે વિષયનું જ્ઞાન લેવાની ભૂખ હોય તેનું જ જ્ઞાન તેને આપીએ, તેના સ્વભાવને પ્રતિકૂળ હોય નુકસાન કરે તેવી લાગતી વસ્તુ શિખવવાની છોડી દઇએ અને વિદ્યાર્થી કયા વિષયમાં ખાસ રૂચિ ધરાવે છે તે જાણી લઇને તેમાં તેને પ્રવીણ બનાવવામાં આપણે મદદ કરીએ તો વિદ્યાર્થીની સ્થિતિ–શકિતનો આપણને સાચો અનુભવ મળી શકે ખરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શારીરિક શિક્ષા કરવાથી થતું નુકશાન.

શિક્ષામાં ભય રહેલો છે. આજે આપણી પ્રજાને ભયભીત થયેલી જોઇએ છીએ, તેનું એક કારણ આપણી શિક્ષા પદ્ધતિ છે. શિક્ષા કરવાથી ભયની વૃત્તિને પોષણ મળે છે, તેનાથી માણસ ડરપોક ને ગુલામ બને છે. બાળકના કોમળ મગજ ઉપર શિક્ષાથી ભારે ભયંકર અસર થાય છે. શિક્ષાનો ભય તેની આંખ આગળ નિરંતર ખડો રહેવાથી વિદ્યાર્થીમાં તેજ અને બળ આવી શકતા નથી તેથી તેવી શિક્ષા કરવાનું સદંતર તજી દેવું જોઇએ.

વિદ્યાર્થી વર્ગે લક્ષ્યમાં રાખવા યોગ્ય હિત સૂચનાઓ.

ધર્મો રક્ષતિ રક્ષિતઃ—

૧, યત્નથી સ્વધર્મનું સારી રીતે રક્ષણ–પાલન કરવાથી, તે સુરક્ષિત ધર્મ આપણું રક્ષણ–પાલન કરે છે. એમ સમજી તેની ઉપેક્ષા ન કરવી.

૨, ધર્મના પસાયે ઉંચી પદવી (માનવ ભવાદિક દુર્લભ સામગ્રી) પામ્યા છતાં જો એ ઉપગારી ધર્મની અવગણના–ઉપેક્ષા કરવામાં આવશે તો ધર્મનો ધ્વસં કરનાર એવા એ સ્વામીદ્રોહાનું શ્રેયસ–કલ્યાણ શી રીતે થઇ શકશે ?

૩, સર્વ ધર્મ કરતાં પ્રધાન ધર્મ સર્વજ્ઞોકત કહ્યો છે તેને સારી રીતે સમજી શ્રદ્ધા સહિત તેનું સેવન કરનાર અવશ્ય સુખી થઇ શકે છે.

૪, સર્વજ્ઞોકત ચિન્તામણી રત્ન સમાન સુદુર્લભ ધર્મ–રત્નની પ્રાપ્તિ જેવા તેવાને થઈ શકતી નથી. પાત્રતાવંતને તેની પ્રાપ્તિ થઇ શકે છે અને પાત્રતાવંત તેની સાર્થકતા કરી શકે છે.

૫, પાત્રતા વગર તેની સાર્થકતા થઇ શકતી નથી.

૬, ગંભીરતા–નિરોગતા–સૌમ્યતા, જનપ્રિયતા, લજ્જા, દયા, ગુણરાગ, વિનય, કૃતજ્ઞતા, પરોપકાર, વ્યવહાર, કુશળતા વિગેરે ગુણોના અભ્યાસથી તેવી પાત્રતા આવે છે.

૭, સુપાત્રમાં કરેલો યત્ન સફળતાને પામે છે.

વિદ્યાર્થીઓમાં કુટેવ દાખલ ન થવા દેવા માટેઃ—

શાળાના સંચાલકોએ ખાસ ધ્યાન રાખવું ઘટે છે કે નબળી ચાલના વિદ્યાર્થીઓના સંસર્ગ દોષથી બીજા કંઈક સારા લેખાતા વિદ્યાર્થીઓ પણ દૂષિત બની જાય છે. સ્વતંત્ર શાળાઓ કે જ્યાં વિદ્યાર્થીઓ છૂટથી ગમે ત્યાં હરે ફરે છે અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વેચ્છા મુજબ પ્રવૃત્તિઓ કરે છે.ત્યાં નિ:સ્વાર્થ મિત્રસમા શિક્ષકે યા ગૃહપતિએ **પ્રેમ ભાવથી જોવાનું કે તેમની પ્રવૃત્તિનો પ્રકાર કેવો છે ?** તપાસ અવલોકન કરતાં **તેમની પ્રવૃત્તિનું** સ્વરૂપ અનિષ્ટ જણાય તો તેને જરૂર રોકે ને સુધારે. **ઇતિશમ્.**

અન્નનું શુભાશુભ પરિણમન.

કલેશ યુકત વાતાવરણમાં કે દુઃખ પૂર્ણ માનસિક સ્થિતિમાં ખાધેલ ખોરાક **અમૃતરૂપ** નહીં થતાં ઝેરરૂપ થાય છે.

ભય અને ચિન્તામાં ખાધેલું અન્ન નકામું જાય છે. કંટાળા ભરેલા અને અનુત્સાહક વાતાવરણમાં લીધેલા ખોરાકની અસર સારી થઇ શકતિ નથી. તેથી ભોજન કરતી વખતે મનને સ્થિર–શાન્ત પ્રસન્ન રાખવાની જરૂર છે. કિંમતી ખોરાક કરતાં પ્રસન્નચિત્તે લીધેલો ખોરાક વધારે પોષક નીવડે છે. આ વાત નાના મોટાં સૌને લાગુ પડી શકે છે.

વિદ્યાર્થીઓ અંગે.

ચાલુ સમયમાં ઘણે ભાગે વિદ્યાર્થીઓને નિશાળનું ભણુતર અને રમતગમત તથા હરવું ફરવું અને મોજમજા બહુ ગમે છે અને તે માટે ખાવા, પીવા, ઉંઘવાની અને શરીર બગડવા શુદ્ધાંની દરકાર કરતા નથી પરંતુ જ્યારે કસરત કરવા, સેવાનું કામ કરવા, ઘરનું કામ કરવા અને ધાર્મિક ભણુવા, ધર્મક્રિયા કરવા અને ધર્મનું કામ કરવા માટે ગમે તેટલું કહેવા સમજાવવા છતાં અથવા કરાવવામાં આવે, અથવા શરમાવવા, દબાવવામાં આવે, લાલચો આપવામાં આવે અથવા છેવટે મારવામાં પણ આવે તો પણ તે તેમને ગમતું નથી છતાં કંકાસ કરે છે, તો વેઠ રૂપે એટલે તેમાં તેમને આનંદ પડતો નથી તેથી ડરકોપ બને છે, અને શરીર ખરાબ થાય છે અને વધારામાં નિર્માલ્ય અને નિઃસત્વ થાય છે. તો આનું શું કારણ છે તે તથા તેવાં કામો તેટલા પ્રેમ પૂર્વક હોંશથી કેવી રીતે કરે તેનો સચોટ સરલ ખુલાસો જે કોઈ ભાઇ બ્હેનના જાણુવામાં હોય તો તેઓ આજ પત્ર દ્વારા બહાર પાડશે કે જેથી મને તથા અન્યોને જાણુવા મળે.

લી૦

મણીલાલ ખુસાલચંદ પરીખ—પાલણુપુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૈવી ઇચ્છા.

(વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.)

આપણા હૃદયમાં જે આશાપૂર્ણ તરંગો ઉભા થયા કરે છે, આપણા આત્મામાં જે મહત્વકાંક્ષાઓનો જન્મ થયા કરે છે, આપણાં મનમાં જે દિવ્ય ભાવનાઓનો ઉદય થયા કરે છે તે સર્વ શું શશશ્રૃંગની માફક અસત્ય અને વ્યર્થ છે ? નહિ જ. તે સર્વ જીવનપ્રદ છે, સત્ય છે, અત્યંત પ્રબલ છે, પ્રભાવોત્પાદક છે, આપણી શકયતાઓની સૂચક અને આપણા ઉદેશની ઉચ્ચતાની આપક છે. આપણી કાર્ય કરવાની શકિતના પરિમાણુની દ્યોતક છે.

જે વસ્તુની આપણે ચાહના કરીએ છીએ અને જેની સિદ્ધિ માટે આપણે અંતઃકરણપૂર્વક અભિલાષાઓ કરીએ છીએ તેની આપણુને અવશ્ય પ્રાપ્તિ થાય છે જ. જે આદર્શ આપણા સાચા અંતઃકરણથી બનાવ્યો હોય છે, મન વચન અને કાયાને એક કરીને જે આદર્શની સૃષ્ટિ કરી હોય છે તે જરૂર આપણી સામે સત્યરૂપે પ્રકટ થાય છે જ.

જ્યારે આપણે કોઈ પદાર્થની અભિલાષા કરવા લાગીએ છીએ, જ્યારે આપણે મન વચન કાયાથી તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્નવાન્ બનવાના વિચારો કરીએ છીએ, ત્યારથી જ આપણે એ પદાર્થની સાથે આપણો સંબંધ જોડવાની શરૂઆત કરીએ છીએ. તેની સિદ્ધિને અર્થે આપણું અંતઃકરણ જેટલું ઉત્સુક હોય છે આપણી આત્મિક ભાવનાઓ જેટલી સુદ્રઢ હોય છે તેટલોજ સુદ્રઢ સંબંધ આપણો તેની સાથે થાય છે. પરંતુ અફસોસની વાત એ છે કે આપણે જીવનની સ્થૂલ બાજુ ઉપર વિશેષ આધાર રાખીએ છીએ, અને જીવનનાં આદર્શ તરફ યોગ્ય લક્ષ આપતા નથી, એને લઇને જ આપણે જોઈએ તેવી સફળતા મેળવી શકતા નથી. પૂર્ણ વિજયથી આપણાં અંતઃકરણને ગદ્ગદ્ કરી શકતા નથી, વિજયનો ડંકો વગાડીને સંસારને આશ્ચર્યમુગ્ધ નથી કરી શકતા. પરંતુ જ્યારે આપણે મન વચન કાયાથી અમુક આદર્શ પર સ્થિત રહેતાં શીખશું, જે આપણું ધ્યેય છે અને જેને આપણે સત્યરૂપે પ્રકટ કરવા ઇચ્છીએ છીએ ત્યારે આપણે અવશ્યમેવ સફળતા પ્રાપ્ત કરશું. જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે આપણે હમેશાં નવજુવાન જ બની રહીએ, આપણાં શરીરમાં નવયોવનનું જ લોહી હમેશાં વહ્યા કરે, વૃદ્ધાવસ્થાથી આપણું શરીર જીર્ણ શીર્ણ ન થઈ જાય તો આપણે હમેશાં આપણાં મનને યૌવનના સુખદ વિચારોના આનંદ સમુદ્રમાં મગ્ન રાખવું જોઈએ. જો આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમ ઇચ્છતા હોઇએ કે આપણે હમેશાં સુંદર બની રહીએ, આપણા મુખમંડળ ઉપર સૌન્દર્યનો જ દિવ્ય પ્રકાશ ઝળકયા કરે તો આપણે આપણા આત્માને હમેશાં સૌન્દર્યના મીઠા સરોવરમાં સુખ સ્નાન કરાવવું જોઇએ.

આત્મામાં રમણ કરવાનો—આદર્શપર સ્થિર રહેવાનો એ શું ઓછો ફાયદો છે કે તેનાથી શારીરિક, માનસિક અને નૈતિક અપૂર્ણતાઓ નષ્ટ થઇ જાય છે. એવી પૂર્ણ સ્થિતિમાં એવું કદિપણ નથી બની શકતું કે આપણે વૃદ્ધાવસ્થા દેખીએ, કેમકે વૃદ્ધાવસ્થા એ અપૂર્ણતાનું જ પરિણામ છે, અને આદર્શથી એ બલાઓ હજારો ગાઉ દૂર રહે છે.

આદર્શમાં—મનોરથસૃષ્ટિમાં દરેક પદાર્થ સુન્દર રહે છે. ક્ષય અને કુરૂપતાને માટે ત્યાં સ્થાન નથી. આદર્શપર સ્થિર રહેવાની ટેવથી આપણને મ્હોટી સહાયતા મળે છે, કેમકે એ આપણી સમક્ષ પૂર્ણતાનો સાક્ષાત્ નમુનો રાખે છે. એ પવિત્રતા અને પૂર્ણતા તરફ આપણો વિશ્વાસ વધારે છે, આપણી શ્રદ્ધાને દઢ બનાવે છે, કેમકે આપણે આપણી મનોરથસૃષ્ટિમાં સત્યના આભાસને જોતા રહીએ છીએ અને તે વિષયમાં આપણને એવું ભાન રહ્યા કરે છે કે એ સત્ય કોઇને કોઇ દિવસ આપણને અવશ્ય પ્રાપ્ત થવાનું જ.

જે પુરૂષની જેવા થવાની તમે ઇચ્છા રાખતા હો તેનો આદર્શ હમેશાં તમારી સમક્ષ રાખો, તમારો આદર્શ એવો બનાવી લ્યો કે તમારામાં પૂર્ણતા અને કાર્યશકિત ઘણી વિલક્ષણતાથી ભરેલી છે. તમારા મનમાંથી રોગ વિગેરે ન્યૂનતાઓના વિચારોને હાંકી કાઢો. કદિ પણ તમારા મનના દ્વારોમાં નિર્બલતા, ન્યૂનતા અને અવિજયના વિચારોને પ્રવેશ ન કરવા દો. હમેશાં એ આદર્શ કરવાનો મન વચન કાયાથી પ્રયત્ન કરો, જરૂર તમને એ પ્રયત્ન સફલતા પ્રાપ્ત કરવામાં સહાયતા કરશે.

જુઓ ! આશાજનક વિચારોમાં કેટલી બધી વિલક્ષણ શકિત ભરેલી છે ? વ્હાલા વાચકો ! જરા એનો અનુભવ તો કરો. તમે એ વિચાર મજબુત કરી લ્યો કે મારી અભિલાષાઓ પૂર્ણ થશે, મારા મનોરથ સિદ્ધ થશે, મારા સુખસ્વપ્ન સાચાં પડશે, મને વિજય અને સફલતા પ્રાપ્ત થશે અવિજય અને અસફલતા અમારી પાસે પણ નહિ આવે, મારે માટે જે કાંઇ થશે તે સારૂં જ થશે, ખરાબ કદિ પણ નહિ થાય અને પછી જુઓ કે એ જાતના દિવ્ય અને આશામય વિચારોનો તમારી શારીરિક, માનસિક, આધ્યાત્મિક તથા સંસારિક ઉન્નતિ પર કેટલો બધો દિવ્ય પ્રભાવ પડે છે. હું તો ખાતરીપૂર્વક કહું છું કે એ વિચારોને ટેવના રૂપમાં પરિણત કરવાથી મનુષ્યની જેટલી ઉન્નતિ થાય છે, તેટલી કોઇ બીજી વસ્તુથી થતી નથી.

તમે તમારાં અંતઃકરણમાં એટલો વિશ્વાસ જમાવી દો કે જે કાર્ય માટે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારમાં મારૂં આવવું થયું છે તે કાર્ય હું અવશ્ય પુરૂં કરીશ જ. એ વિષયમાં તમારાં અંતઃકરણમાં લેશ પણ સંદેહને સ્થાન ન આપો. કદાચ એવો સંશય તમારા મનના દ્વારોમાં પ્રવેશ કરવા માંગે તોપણ એને બહાર હાંકી કાઢો. હમેશાં જે વિચારો હિતકર હોય તેને જ તમારા મનોમંદિરમાં આવવા દો–તે પદાર્થને આદર્શ બનાવો કે જેની સિદ્ધિ તમે ચાહતા હો–તમને જે વિચારો અહિતકર લાગે તે વિચારોને તમારાં અંતઃકરણમાંથી બહાર કાઢો, જે ભાવો તમને નિરાશાના સમુદ્રમાં ડુબાડે તે બધાને દેશનિકાલ કરો. ટુંકામાં જે જે પદાર્થ અસફલતા અને દુઃખની સૂચના કરે છે તે પદાર્થ માત્રને તમારી પાસે કદિ પણ ન આવવા દો.

તમે ગમે તે કામ કરો, ગમે તેવા થવા ઇચ્છતા હો, પરંતુ તે બધાના સંબંધમાં આશાપૂર્ણ શુભ ભાવનાઓજ રાખો. એમ કરવાથી તમને તમારી કાર્ય શકિત વધતી જતી જણાશે અને સાથેસાથે એ પણ જણાશે કે તમે પોતે સુધરતા જાઓ છો. એક વખત તમારા મનોમંદિરમાં આનંદી, સૌભાગ્યશાલી અને શુભ ચિત્રો જોવાની તમને ટેવ પડી જશે તો પછી એના વિરૂદ્ધ પરિણામવાળી ટેવ પાડવાનું કામ તમને મુશ્કેલી ભરેલું લાગશે. જો આપણાં બાળકો ઉકત પ્રકારની ટેવો પાડવા માંડે તો નિશ્ચયપૂર્વક કહી શકાય કે આપણી સભ્યતામાં મહા વિલક્ષણ પરિવર્તન થઇ જાય અને આપણા જીવનની મહતામાં અપૂર્વ વૃદ્ધિ થઇ જાય. આપણે આપણાં મનને એ રીતે સંસ્કૃત બનાવશું એટલે પછી આપણામાં એક એવી શકિત આવશે કે જે વડે આપણે આપણી શાંતિ, સુખ અને સફલતાને લૂંટી જનાર શત્રુઓ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી શકશું.

શું તમે સંસાર વ્યવહારમાં પ્રવેશ કરવા માટે પૈસાની ઇચ્છા કરો છો ? હું કહું છું કે તમે સંસારમાં પ્રવેશ કર્યા પહેલાં મન વચન કાયાથી એટલું વિચારી લો કે મારૂં ભવિષ્ય પ્રકાશમાન થશે; હું ઉન્નતિશાળી અને સુખી થઇશ, મને સફળતા અને વિજય પ્રાપ્ત થશે વિગેરે સર્વ પ્રકારની આનંદદાયક સામગ્રી મને પ્રાપ્ત થશે બસ, સૌથી પહેલાં એ દિવ્ય વિચારોરૂપી પુંજી લઇને સંસારપ્રવેશ કરો અને પછી એનાં મીઠાં ફળ ચાખો.

અનેક મનુષ્યો પોતાની ઇચ્છાઓને, પોતાના આશામય તરંગોને જાજવલ્યમાન રાખવાને બદલે તેને નબળાં બનાવી દે છે. તેઓ એટલું નથી જાણતા કે આપણી અભિલાષાઓની સિદ્ધિને અર્થે આપણે જેટલો દઢભાવ, અવિચલ નિશ્ચય રાખશું તેટલી જ આપણે તેની સિદ્ધિ કરી શકશું. તેઓ એ વાત નથી જાણતા કે આપણી આશાઓને જીવતી જાગતી રાખવાના પ્રયત્નો કરતા રહેવાથી જ આપણે તેને પ્રત્યક્ષ કરવાનું બલ પ્રાપ્ત કરી શકશું.

કોઇ પણ વસ્તુ એવી નથી કે તેની સિદ્ધિનો સમય બહુ દૂર લાગતો હોય. તે આપણને અસંગત લાગતી હોય તથા એનો માર્ગ આપણને અંધકારમય લાગતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય, પરંતુ જો આપણે મન વચન કાયાથી તેને પ્રત્યક્ષ કરવા માટે પ્રયત્ન કરીએ તો ધીમે ધીમે આપણે જરૂર તેની સિદ્ધિ કરી શકીશું. અહિં આગળ એક વાત ખાસ ભારપૂર્વક જણાવવાની જરૂર છે કે આપણે કેવળ અભિલાષાઓ જ કરતા રહેશું અને તેની સિદ્ધિ માટે કાંઇ પણ પ્રયત્ન અથવા પરિશ્રમ નહિં કરીએ તો જલતરંગની માફક તેનું ઉત્થાન અને પતન મનમાં ને મનમાં જ થશે.

અભિલાષા ત્યારે જ ફલદાયી બને છે કે જ્યારે તેને દઢ નિશ્ચયમાં પરિણત કરવામાં આવે છે. અભિલાષાનું દઢ નિશ્ચયમાં મિલન થવાથી ઉત્પાદક શકિતનો પ્રાદુર્ભાવ થાય છે. ફલની પ્રાપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે અભિલાષા અને દઢ નિશ્ચય બન્ને ભેગાં મળીને કામ કરે છે.

આપણે હમેશાં આપણા વિચારો, મનોભાવો અને આદર્શના ગુણ પ્રકૃતિ અનુસાર આપણી કાર્યોત્પાદક શકિતમાં વધારો ઘટાડો કરીએ છીએ. જો આપણે હંમેશાં પૂર્ણતાનો આદર્શ આપણી સમક્ષ રાખીએ, જો આપણે હમેશાં એટલું સમજતા રહીએ કે આપણે સર્વ શકિતમાન પરમાત્માના અંશરૂપ હોવાથી આપણે પૂર્ણ છીએ તો આપણને એ સ્વાસ્થ્યકર શકિત પ્રાપ્ત થશે કે જે આપણી રોગ સંબંધી ભાવનાઓને એકદમ શિથિલ બનાવી દેશે.

ઘણા મનુષ્યો એમ કહ્યા કરે છે કે ભાઇ, હવે તો અમે થાકી ગયા, કામ કરવાને નાલાયક થઇ ગયા, હવે તો અમને પરમાત્મા સંભાળી લે તો સારૂં. તેઓ એવા રોદણાં રોવે છે કે અમે ઘણા કમનસીબ છીએ, અમારૂં નસીબ ફુટી ગયું છે, દૈવ અમારી વિરૂદ્ધ છે, અમે દીન છીએ, ગરીબ છીએ, અમે તનતોડ મહેનત કરી, ઉન્નત થવા ઇચ્છયું પણ ભાગ્યે અમને જરાપણ મદદ ન કરી. પરંતુ તે બિચારા એટલું નથી જાણતા હોતા કે એ જાતના અંધકારમય, નિરાશાજનક વિચારો કરવાથી, એવી જાતનાં રોદણાં રોવાથી આપણે આપણા હાથે જ આપણા ભાગ્યને ફોડીએ છીએ અને ઉન્નતિરૂપી કૌમુદીને કાળાં વાદળાંમાં ઢાંકી દઇએ છીએ. તેઓ એમ નથી સમજતા કે એ જાતના કુવિચારો આપણી શાંતિ, સુખ અને વિજયના કટ્ટા શત્રુ છે. તેઓ એ વાત ભૂલી જાય છે કે એ જાતના વિચારોને મનમાંથી દેશ નિકાલ કરવા એજ મંગળ છે. આથી તો તેઓ પોતાને હાથે જ પોતાના પગપર કુઠારાઘાત કરે છે. એક ક્ષણવાર પણ આપણે એવા વિચારોને મનમાં સ્થાન ન આપવું કે આપણે માંદા છીએ–નબળા છીએ. કેમકે એવા વિચારોથી રોગને શિરપર આક્રમણ કરવામાં મદદ મળે છે. આપણે સઘળા આપણા વિચારના જ ફળરૂપ છીએ. ઉચ્ચતા, મહાનતા, પવિત્રતાના વિચારોથી આપણામાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન થાય છે, ઉંચે લઇ જનારી શકિત મળે છે અને ઉંચા દરજ્જાનું સાહસ પ્રાપ્ત થાય છે. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરી ભેટ.

તમારા શત્રુને આપવા લાયક ઉમદા ભેટ ક્ષમા છે. તમારા વિરોધીને આપવા લાયક પરમ ભેટ સહિષ્ણુતા છે; તમારા મિત્રને આપવા લાયક ભેટ તમારૂં હૃદય છે. તમારા બાળકને આપવા લાયક ભેટ સારૂં દૃષ્ટાંતરૂપ જીવન છે. પિતાને આપવા લાયક ભેટ તેમનું સન્માન છે. તમારી માતાને આપવા લાયક ભેટ તમારૂં સારૂં ચારિત્ર છે, કે જેને લઇને છે તમારે વિષે ગર્વ લઇ શકે. તમોને પોતાને આપવા લાયક ભેટ સ્વમાન છે. સર્વ મનુષ્યોને આપવા લાયક ભેટ ઉદારતા છે. કઇ વસ્તુની મનુષ્ય બીજાને ભેટ આપે છે તે બીન મહત્વનું છે, પણ તેવા કેવા-હૃદય ભાવથી આપે છે તેજ મહત્વનું છે. આપણી દરેક ભેટ પાછળ આપણું હૃદય હોવું જોઇએ.

વિશ્વપ્રકાસ ત્રીજું વર્ષ અંક ૧ લો પા. ૨૫.

વર્તમાન સમાચાર.

શ્રી પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં " શેઠ કેશરીચંદ ભાણાભાઇ વિદ્યાર્થીભવન " ખુલ્લું મુકવાનો ભવ્ય મેળાવડો—

આ સંસ્થામાં નવા બંધાયેલા મકાનો પૈકી ઉપરોક્ત મકાન પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબના હાથથી ખુલ્લું મુકવાનો ભવ્ય મેળાવડો તા. ૧૩-૫-૧૯૨૫ વૈશાક શુદ ૫ સોમવારના રોજ સાંઝના છ વાગે કરવામાં આવ્યો હતો. ગુરૂકુળને ધ્વજા, પતાકા વગેરેથી શણગારવામાં આવ્યું હતું. પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ ઉપરાંત ગોંડલના પ્રીન્સ, ધરમપુરના પ્રીન્સ, દીવાન સાહેબ, નારણદાસભાઈ ગામી સાહેબ, શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇ, શેઠ હીરાલાલ અમૃતલાલ, પાલીતાણાના નગરશેઠ વનમાળીદાસ તથા આ સંસ્થાની મુંબઇ, ભાવનગર તથા પાલીતાણાની કમીટીના સભ્યો, યાત્રાળુઓ, પાલીતાણાના શહેરીઓ વગેરે હાજર હતા. પ્રથમ મંગલાચરણ થયા બાદ, આમંત્રણપત્રિકાનું વાંચન, સ્વાગતનું ગીત ગાયા બાદ એ સંસ્થાના જનરલ કમીટીના પ્રમુખ શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરીએ સ્થાપનાથી આજસુધીનો ટુંક રીપોર્ટ રજુ કર્યો હતો. ત્યારબાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે શેઠ કેશરીચંદ ભાણાભાઇનો ટુંક પરિચય બતાવતાં નામદાર ઠાકોર સાહેબને વિદ્યાર્થી ભુવન ખુલ્લું મુકવા અને શેઠશ્રીનો ફોટો ખુલ્લો મુકવા વિનંતિ કરી હતી. મકાન ખુલ્લું મુકવાની ક્રિયા થઇ રહ્યા બાદ વિદ્યાર્થીઓએ કસરતના પ્રયોગો કરી બતાવ્યા હતા. ત્યારબાદ શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલે ભાવનગર કમીટીની આ સંસ્થા પ્રત્યે જાતિ સેવાની પ્રશંસા કરતાં, શેઠ ગુલાબચંદ આણંદજી કે જે સ્થાનિક કમીટીના પ્રમુખ છે તેમનો પરિચય કરાવતાં શેઠ ગુલાબચંદ આણંદજી તરફથી વિદ્યાર્થીઓને ભેટ આપવા તૈયાર કરાવેલ રૂપાના મેડલો તથા સંસ્થા તરફથી ધાર્મિક પુસ્તકો વિદ્યાર્થીઓને એનાયત કરવા નામદાર ઠાકોર સાહેબને વિનંતિ કરી હતી. તે એનાયત થયા બાદ નામદાર ઠાકોર સાહેબે સમયોચિત ભાષણ કર્યું હતું. ત્યારબાદ શેઠ ગુલાબચંદ આણંદજીએ નામદાર સાહેબ, મહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનો અને આવેલ ગૃહસ્થોનો ઉપકાર માનવાની દરખાસ્ત કરી હતી તેને શેઠ ફકીરચંદ કેશરીચંદે ટેકો આપતાં ફૂલહારથી સત્કાર કરતાં મેળાવડો વિસર્જન થયો હતો.

શ્રી નવપદજી મહારાજનું આરાધન—શ્રી નવપદજી આરાધક સમાજે આ વખતે ગયા માસમાં શ્રી શત્રુંજય મહાતીર્થે દરવર્ષની જેમ વિશેષમાં યાત્રાના લાભ સાથે આરાધન કર્યું છે, અનેક ભાઇ બ્હેનોને કરાવ્યું છે. પરમાત્માની ભક્તિ પણ આલ્હાદપૂર્વક કરી છે. તેના કાર્યવાહકોને આ માંગલિક કાર્ય પ્રત્યે ધન્યવાદ આપીયે છીયે. અમો તેની અંતઃકરણપૂર્વક અનુમોદના કરીયે છીયે.

મુંબઇમાં શ્રી જૈન યુવક સંઘ નામની સંસ્થાની સ્થાપના—શહેર મુંબઇમાં તા. ૩–૫–૨૯ ના રોજ રા. રા. કકલભાઇ ભુદરદાસ વકીલના પ્રમુખપણા નીચે નવયુવાનોની એક સભા મળી હતી. રા. પ્રમુખશ્રીએ ઉપરોક્ત નામની સંસ્થા સ્થાપવાની પોતાના ભાષણમાં જરૂરીયાત બતાવી સમય ધર્મની જરૂરીયાતો જણાવી હતી. છેવટે " શ્રી જૈન યુવક સંઘ " નામની સંસ્થાનું સ્થાપન કરતાં તેના ઉદ્દેશો નકી કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ બંધારણ અને નિયમો નક્કી કરવામાં એક કમીટી નિમવામાં આવી હતી. બીજી મીટીંગે આ સંસ્થાના કાપડીયા પરમાણંદદાસ કુંવરજી, શાહ નગીનદાસ જગજીવનદાસ તથા શાહ ઓધવજી ધનજીભાઇ સોલીસીટર એ ત્રણ બંધુઓની સેક્રેટરીઓ તરીકે નિમનોક કરવામાં આવી હતી. આ સંસ્થા પોતાના ઉદ્દેશ પ્રમાણે કાર્યમાં આગળ વધે તેમ તેની આબાદ ઇચ્છીએ છીએ.

નીચેના ગ્રંથો તથા રીપોર્ટો ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ **ચંદનબાલા-ઇલાચીકુમાર-જંબુસ્વામી-અમરકુમાર-શ્રીપાળમહારાજ-કુમારપાળ-પેથડકુમાર-વિમળશાહ-વસ્તુપાળ તેજપાળ, એમો દેદરાણી, જગડુશા-પ્રાણ આપનાર મહાત્માઓ**—લેખક **ધીરજલાલ ટોકરશી શાહ** બાલ ગ્રંથાવળી નંબર ૯ થી ૨૧ બાળ સાહિત્યની સમૃદ્ધિમાં લેખકે ઉમેરો કર્યો છે. કિંમત સવા આનો દરેકનો. મળવાનું સ્થળ બાળ ગ્રંથાવલી કાર્યાલય ખાનપુર અમદાવાદ.

આર્યકુમારિકા-વર્તમાન સ્ત્રીજીવનઃ—લેખક અને પ્રકાશક **માવજી દામજી શાહ** ધાર્મિક શિક્ષક બાબુ પી. પી. **જૈન** હાઇ સ્કુલ મુંબઇ–કુમારિકાનું ગૌરવ, આર્યકુમારિકા કોને કહેવાય તે ખ્યાલ પ્રથમ ગ્રંથમાં આપવામાં આવેલ છે. સ્ત્રીજીવનના વિકટ પ્રશ્નો કયા છે ? તે કેમ જલદી દૂર થઇ શકે, જીવન કેમ સુખમય બની શકે તેના કેટલાક અંશો બીજી બુકમાં આપેલ છે. કિંમત બે આના દરેકના.

जैनस्तोत्र समुच्चय:-અનેક પૂર્વાચાર્ય વિરચિત અને અત્યારસુધીમાં પ્રસિદ્ધ નહિં થયેલ પ્રાચીન સ્તુતિ અને સ્તોત્રનો (સંસ્કૃત, માગધિ ભાષામાં આપેલ) સંગ્રહ છે. તેના અભ્યાસી માટે અપૂર્વ વસ્તુ છે. દક્ષિણ વિહારી **શ્રી અમરવિજયજી** મહારાજના શિષ્ય **ચતુરવિજયજી** મહારાજ તેના સંગ્રાહક–સંપાદક છે. દક્ષીણ વિહારી મુનિરાજશ્રી **રાજવિજયજી મહારાજના** આદેશથી શ્રી નિર્ણયસાગર પ્રેસ તરફથી પ્રગટ થયેલ છે. કિંમત દોઢ રૂપીયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વિવિધ પૂજા સંગ્રહ—ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ, મુનિરાજશ્રી **હંસવિજયજી** મહારાજ અને આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસુરિ મહારાજ કૃત સુંદર રાગ રાગિણીથી બનેલી શ્રાઆ સુંદર મોટા ટાઇપ સારા કાગળ સુંદર બાઇડીંગથી તૈયાર થયેલ આ બુક શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી અમદાવાદ તરફથી હાલમાં પ્રગટ થયેલ છે. તેની ઉપયોગીતા અને લોકરૂચી કેટલી છે તે તેની આ અગીયારમી આવૃતિ પ્રગટ થયેલ ઉપરથી જણાય છે. કિંમત:રૂા. ૧–૧૦–૦ મળવાનું સ્થળ લુણસાવાડા–અમદાવાદ.

શ્રીમહાવીર જીવન રેખા–લેખક મુનિશ્રી હર્ષચંદ્રજી. પ્રકાશકઃ—શ્રી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક કાર્યાલય કલોલ. કિંમત ત્રણ આના. શ્રી વીર પ્રભુના નયસારના ભવથી લઇ શ્રી મહાવીર પ્રભુના ભવ સુધીનું ટુંકામાં ચરિત્ર આ બુકમાં આળેખ્યું છે. સાથે ગૌતમ બુદ્ધની સંક્ષેપ હકીકત અને વીર પ્રભુ, ગોશાળો અને શાકયપુત્રનું અંતર બતાવવામાં આવ્યું છે. પ્રયત્ન સારો કર્યો છે.

સ્નાત્ર પૂજા કળશાદિ સંગ્રહ–પ્રગટ કર્ત્તા માસ્તર પોપટલાલ સાકરચંદ ભાવનગર. અષ્ટપ્રકારી, શ્રી નવપદજી, શ્રી સતરભેદી પૂજા અને તેની વિધિઓ, આરતીઓ, સ્નાત્ર પૂજાઓ તથા વિધિ, કળશ, અને તેની વિધિ, અષ્ટોતરી સ્નાત્ર, શાંતિ સ્નાત્ર, ગૃહશાંતિ, નવસ્મરણ, સંસ્કૃત ચૈત્યવંદન, સ્તવનો સ્તુતિઓ, કુંભ સ્થાપન વગેરેનો સંગ્રહ આ બુકમાં આપેલ છે. જે ઉપયોગી કહી શકાય. કિંમત રૂા. ૧–૪–૦

આત્મબોધ—પ્રસિદ્ધ કર્તા વાડીલાલ કાકુભાઇ સારંગપુર તળીવાની પોળ–અમદાવાદ કિંમત સદુપયોગ. બાર ભાવનાનું ટુંક સ્વરૂપ તથા થોડીક સજ્ઝાયોનો સંગ્રહ આપવામાં આવેલ છે.

તરૂણ જૈન:—પત્રિકા પ્રથમ તથા બીજી પ્રકાશક શ્રી વિજયધર્મ પ્રકાશક સભા પત્રિકા કમીટી ભાવનગર–ધીમે પગલે આગળ વધતી આ સંસ્થાનો તે માંહેના સભ્યોનો જૈન સમાજની આધુનિક સ્થિતિ માટે પોતાના વિચાર પ્રકટ કરવાનો આ એક નવો પ્રયત્ન છે. પત્રિકા, માસિક કે પેપરનો જન્મ આપવો તે સહેલ છે, પરંતુ તેને નિષ્પક્ષપાતપણે ચલાવવું કે ટકાવી રાખવું તે મુશ્કેલીભર્યું કાર્ય છે. પ્રકાશક તેનો ખ્યાલ રાખી પોતાનું આ કાર્ય આગળ ચલાવે અને તેની ભવિષ્યમાં આબાદિ થાય તેમ ઇચ્છીએ છીએ.

૧ રીપોર્ટોઃ—**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રી વર્ધમાન તપ, આંબેલ ખાતાનો ત્રીજો રીપોર્ટ અને હિસાબ.** પ્રકાશકઃ—શાહ લાલચંદ લીલાધર. આવું ખાતું દરેક શહેર યા ગામમાં જરૂરીયાતવાળું છે. આ ખાતાની વજનદાર ગૃહસ્થોની ટ્રસ્ટી અને સભ્ય તરીકે નીમનોક થયેલી છે તેથી તે વિશ્વાસપાત્રજ ગણી શકાય. હિસાબ ચોખવટવાળો છે. હાલના મુખ્ય કાર્ય કરનાર વૃદ્ધ થયેલ હોવાથી તેમણે કે ટ્રસ્ટીઓ કે કમીટીએ બીજા સેવાભાવી બંધુની તૈયાર થવા સાથે માહેતગાર થવા નિમનોક કરવા જરૂર છે. મદદ કરવા લાયક ખાતું છે. ભવિષ્યમાં તેની આબાદી ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદર ફોટાઓ (છબીયો).

કલકત્તાવાળા નથમલ ચાંડલીયા ફોટોગ્રાફરે હાલમાં વિવિધ રંગોથી તૈયાર કરાવેલ સુંદર ફોટા મનોહર અને આકર્ષક બહાર પાડ્યા છે, કે જે જોતાંજ ખરેખર ભક્તિરસ ઉભરાઇ ગયા સિવાય રહેતો નથી.

નામ.	સાઈઝ.	કીંમત.
શ્રી કેસરિયાજી મહારાજ	૧૫×૨૦	૦–૮–૦
શ્રી ચંદ્રગુપ્તના સોળસ્વપ્ના સાર્થ	,,	૦–૮–૦
મધુબિંદુ દૃષ્ટાંત સમજણ સહિત	,,	૦–૬–૦
ષડ્લેશ્યા સમજણ સહિત	૧૫×૨૦	૦–૬–૦
શ્રી જીનદત્તસૂરિજી (દાદાસા૦	,,	૦–૬–૦
શ્રી પાવાપુરીનું જલમંદિર સમજણ સહિત.	૧૬×૧૨	૦–૪–૦
૧ શ્રી મહાવીરસ્વામી } પુનાવાળાના પ્રકટ થયેલ	૧૫×૨૦	૦–૮–૦
૨ શ્રી ગૌતમસ્વામી મહારાજ }	,,	૦–૧૦–૦

સમ્મેત શિખરતીર્થ ચિત્રાવલી રૂા ૨–૮–૦

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

તદ્દન ઘટાડેલા ભાવ.

	કિંમત	સો નકલના.
૧ નવસ્મરણ-સ્તોત્રો છંદો સાથે...	૦–૩–૦	૧૨–૮–૦
૨ મહાસતી ચંદનબાળા	૦–૨–૦	૬–૦–૦
૩ પ્રસન્નચંદ્ર રાજર્ષિ	૦–૨–૦	૬–૦–૦
૪ ગજસુકુમાર ચરિત્ર...	૦–૨–૦	૬–૦–૦
૫ કયવન્ના શેઠનું ચરિત્ર	૦–૨–૦	૬–૦–૦
૬ સ્નાત્ર પૂજા તથા અષ્ટપ્રકારી પૂજાના દોહા	૦–૧–૦	૫–૦–૦
૭ શ્રાવકના બારવ્રતની ટીપ	૦–૧–૦	૫–૦–૦
૮ સમાધિ વિચાર	૦–૨–૦	૬–૦–૦
૯ શ્રી અક્ષયનિધિ તપની વિધિ...	૦–૧–૦	૫–૦–૦
૧૦ પાંચ પદની અનુપૂર્વી	૦–૧–૦	૫–૦–૦
૧૧ પુણ્ય પ્રકાશનું સ્તવન	૦–૦–૯	૩–૦–૦
૧૨ રત્નાકર પચ્ચીશી તથા શ્રી નેમનાથના સલોકો	૦–૦–૯	૩–૦–૦
૧૩ શ્રી ગૌતમ સ્વામીનો રાસ તથા શ્રી ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્ર	૦–૧–૦	૫–૦–૦
૧૪ શ્રી આત્મવીરની કથાઓ	૦–૪–૦	૨૦–૦–૦
૧૫ કચ્છ ગિરનારની યાત્રાનો રાસ...	૦–૧–૦	૫–૦–૦
૧૬ શ્રી સિદ્ધાચળ સ્તવનાવળી	૦–૨–૦	૭–૦–૦
૧૭ શ્રી શત્રુંજય મહાતીર્થાદિ પાંચે તિર્થના કલ્પો અર્થ સાથે ...	૦–૧–૬	૬–૦–૦

સતર જાતની નમુનાની નકલ માટે પોસ્ટ ખર્ચ સાથે રૂા. ૧–૧૨–૦ મોકલી ખાત્રી કરો. કોઇપણ પુસ્તકની સો નકલથી ઓછી મોકલાશે નહિ.

જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણો જુવાન

' આપણો જુવાન—કે જે જીવન શરૂ કરતો કોઇ પણ મનુષ્ય કેટલો સ્વપ્નદર્શી હોય છે ! એ સ્વપ્નને સિદ્ધ કરવા માટે જે મહેનત, જે વ્યવસ્થા શક્તિ અને જે સંયમ જોઇએ તેને અભાવે માત્ર ચાર પાંચ વર્ષમાં એને જીવનનો થાક ચડી જાય છે. કૉલેજના દ્વારમાંથી કેટલા કેટલા સ્વપ્નસ્થ જુવાનો બહાર પડે છે ? અને એક દશકાના ગાળા પછી તેમનું સંમેલન ભરાય ત્યારે નિરૂત્સાહી વ્યવહારકુશળ પુરૂષો તરીકે તેમને જોઇને જબ્બરમાં જબ્બર આશાવાદી પણ ગબડી પડે ! જીવનનો આટલો બધો થાક, સ્વપ્ન ઘડ્યાં પછી એને પાર ન પાડવાની નિસ્તેજ અપૌરૂષેય વૃત્તિ અને છેવટે એકલી નક્કર વ્યવહારકુશળતા ક્યાંથી આવે છે એ જીવનના રસમાત્રને કેમ શોષી લે છે એ રહસ્ય જાણવા જેવું છે. ગુજરાતી ભવિષ્યને ઓળખી શકતો જ નથી; એ વર્તમાનનો જ જીવડો છે. એનું ઘર, રાચરચીલાં, ઘરેણાં ને વાસણની માંડથી ભરપૂર હોય છે. એનામાં ખરેખરી વણિકબુદ્ધિ છે. એ પોતાની ઢીંગલીને શણગારવામાં જેટલો ઉત્સાહી છે તેટલો જ આગળ વધતી દુનિયા વિષે બેપીકર છે. એની મોટામાં મોટી મહત્વાકાંક્ષા કીકાને માટે પૈસો મુકી જવાની હોય છે. એનું વધારેમાં વધારે શૌર્ય સભા ભરવા પૂરતું: એનું સાહસ ઇંગ્લાંડ અમેરિકાની કોઇ એજન્સી રાખવા જેટલું, એની મૈત્રી જ્યાંસુધી એના સ્વાર્થને ધક્કો ન પહોંચે ત્યાંસુધી: એનો રણનાદ હડતાલ ન પડે ત્યાંસુધી: એનાં જીવનનો મોટામાં મોટો લ્હાવો શેઠાણીને મોંઘા મૂલનો સાડલો પહેરાવવાનો: એનો સંપ જ્યાંસુધી વિશ્વામિત્ર, વસિષ્ટ, ગૌતમ અને શ્રીહેમચંદ્રને કોઇ ન બોલાવે ત્યાંસુધી: એનું સાહિત્ય ઉંઠા જેટલું: એની કલા લીપ્ટનની ટી–ગર્લને છબીમાં મઢાવે એવી: એનો ધર્મ કીડીયારૂં પુરવાનો: એનું ધ્યેય મહાજનમાં મહાલવાનું. આવા વાતાવરણમાં ઉછરેલો ગુજરાતી જે કાંઇ થોડાઘણા આદર્શો પોપટની પેઠે પઢી લાવ્યો હોય તે ઘેર પહોંચે ન પહોંચે તે પહેલાં તપેલાં લોઢા પરથી પાણીનો છાંટો છુમંતર થઇ જાય તેમ છુમંતર થઇ જાય છે. પરિણામે ગુજરાતી ગમે તે ક્ષેત્રમાં ને ગમે તે કામ કરતો હોય, પણ તેના વિષે આટલો મુદ્રાલેખ તો લખી જ રાખવો: એ કોઇ પણ દિવસ ગુજરાતી મટી શકતો જ નથી: વ્યવહારકુશળતા—નક્કર વ્યવહાર-કુશળતા એને છોડી શકે નહિ. દેશદેશના જુવાનો જાગ્યા છે એ વાત તદ્દન સાચી છે. દેશદેશના જુવાનોમાં ત્યાગ અને સંયમ ઝળકી ઉઠ્યા છે, ઉગ્રમાં ઉગ્ર આત્મપરીક્ષા અને વ્યવસ્થાશક્તિ દેખાય છે; પણ ગુજરાતનો જુવાન જાગ્યો છે એ વાત તદ્દન ખોટી છે. બંગાળી જુવાન જાગી શકે એ સંભવિત છે, ગુજરાતનો જુવાન પણ જાગી શકે એ હવે પછી સંભવિત થઇ શકે તેમ છે, પણ અત્યારે એ જાગે છે એ તદ્દન ગપ્પ છે. એ જાગતો નથી. એ ઉંઘતો પણ નથી. આંહિ કોઇ જુવાન જ નથી, પછી જાગવા ઉંઘવાની વાત જ ક્યાં રહી ? આંહિ ગુજરાતમાં તો છે છ આઠ દિવસનો વિવેકહીન જલસો ભજવીને ખાસા ત્રણસો બાવન દિવસ સૂઇ જવાના. કાર્ય, ધ્યેય, સંયમ ને વ્યવસ્થા એ ચાર શબ્દોની વાત ન કરવી.

શ્રી ધૂમકેતુ.

For Private And Personal Use Only